(ઇ.નં ૫૧૧૯૧)

ક્રમાંક પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૯૯૧૨-૯૦૫૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ. રા. ગાંધીનગર. તા. ૧૯/૦૮/૨૦૨૧

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** કોવિડ-૧૯માં અનાથ અને એકવાલી ગુમાવેલ શાળામાં અભ્યાસ કરતા બાળકો બાબત.

**સંદર્ભઃ-** નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- સસુખા/સીપીડી/૨૧-૨૨/૨૬૭ તા. ૧૨/૦૮/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, કોવિડ- ૧૯ મહામારી માર્ચ- ૨૦૨૦ થી ચાલી રહી છે. જેનાથી રાજ્યમાં અનાથ અને એકવાલી વાળા બાળકોની શૈક્ષણીક સ્થિતીને ધ્યાનમાં લઇ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, રાજ્ય સરકાર દ્વારા અનાથ અને એકવાલીવાળા બાળકો માટે મુખ્યમંત્રી બાળ સેવા યોજના અમલીકરણમાં છે.

વર્ષ ૨૦૨૧-૨૨ ના શૈક્ષણિક વર્ષમાં અનાથ અને એકવાલી વાળા બાળકોની સરકારી સ્કુલોમાં અને ખાનગી સ્કુલોમાં અભ્યાસ કરતા બાળકોની ફી થયેલ કરાર મુજબ JM ફાઇનાન્શિયલ ફાઉન્ડેશન દ્વારા ભરવાની થાય છે. તા. ૧૮/૦૩/૨૦૨૦ થી હાલ સુધી અનાથ અને એકવાલી વાળા બાળકોની વિગતો અને વાર્ષિક ફી JM ફાઇનાન્શિયલ ફાઉન્ડેશન દ્વારા સીધી સ્કુલને આપવાની થતી હોવાથી શાળાના બેંક એકાઉન્ટ અને IFSC તથા અન્ય માહિતી આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી સંબંધિત જિલ્લા બાળ સુરક્ષા એકમની કચેરીને જિલ્લા કક્ષાએથી બારોબાર મોકલી આપવા તાત્કાલિક જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા ઉકત બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

(સહી)
નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

જા.નં/પ્રાથમિક/૨૦૨૧/ 17354

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨, બી-૩
અઠવાલાઇન્સ, સુરત.
તા.૨૪/૦૮/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત ગ્રામ્ય અને શહેર વિસ્તાર તમામ પ્રાથમિક ~~શાળાઓ~~
મા અને ઉ. માધ્યમિક શાળાઓ
૨/-જાણ તથા અમલ થવા સારૂં.

(સહી)
જિલ્લાશિક્ષણાધિકારી
સુરત જિલ્લા-સુરત

Scanned with CamScanner

**નિયામક, સમાજ સુરક્ષા ખાતુ**
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઇ – મેઇલ : dir-sd@gujarat.gov.in

---

**નં. સસુખા/સીપીડી/૨૧-૨૨/૨૬૭**

તા.૧૯/૮/૨૦૨૧

પ્રતિ,
**નિયામકશ્રી,**
પ્રાથમિક શિક્ષણ,
બ્લોક ૧૨/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

**વિષય :** કોવિડ-૧૯માં અનાથ થયેલ અને એકવાલી ગુમાવેલ શાળામાં અભ્યાસ કરતા બાળકો બાબત

**સંદર્ભ:-** તા. ૨.૮.૨૦૨૧ના રોજ JM ફાઇનાન્શિયલ ફાઉન્ડેશન સાથે થયેલ એમ.ઓ.યુ.

ઉક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, રાજ્યની અંદર કોવિડ-૧૯ મહામારી માર્ચ-૨૦૨૦ થી ચાલી રહી છે. જેનાથી રાજ્યમાં અનાથ અને એકવાલી વાળા બાળકોની શૈક્ષણીક સ્થિતીને ધ્યાનમાં લઇ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, રાજ્ય સરકાર દ્વારા અનાથ અને એકવાલીવાળા બાળકો માટે મુખ્યમંત્રી બાળ સેવા યોજના અમલીકરણમાં છે.

રાજ્ય સરકાર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં તા.૨.૮.૨૦૨૧ ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ વતી નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને JM ફાઇનાન્શિયલ ફાઉન્ડેશન વચ્ચે રાજકોટ ખાતે કરાર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ ના શૈક્ષણિક સત્રમાં અનાથ અને એકવાલીવાળા બાળકોની સરકારી સ્કુલોમાં અને ખાનગી સ્કુલોમાં અભ્યાસ કરતા બાળકોની ફી થયેલ કરાર મુજબ JM ફાઇનાન્શિયલ ફાઉન્ડેશન દ્વારા ભરવાની થાય છે. જેને ધ્યાનમાં લઇ આપશ્રીને વિનંતી કરીએ છીએ કે આપશ્રીના તાબા હેઠળના જિલ્લા શિક્ષણાધિકારીને જરૂરી સુચના આપશો જે જિલ્લા કક્ષાની ખાનગી શાળામાં અભ્યાસ કરતા કોરોના કાળમાં એટલે કે તા.૧૮.૩.૨૦૨૦ થી હાલ સુધી અનાથ થયેલ બાળકોની વિગતો અને વાર્ષિક ફી JM ફાઇનાન્શિયલ ફાઉન્ડેશન દ્વારા સીધી સ્કુલને આપવાની થતી હોવાથી શાળાના બેંક એકાઉન્ટ અને IFSC તથા અન્ય માહિતી

Scanned with CamScanner

જે બિડાણ ૧ થી સામેલ છે તે જિલ્લા બાળ સુરક્ષા એકમની કચેરી જેની યાદી બિડાણ ૨ થી સામેલ છે તેમને
તાત્કાલિક અસરથી પહોંચતી કરવા જરૂરી આદેશો કરવા વિનંતી છે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બિડાણ :

પત્રક ૧ : બેંક એકાઉન્ટ અને IFSC તથા અન્ય માહિતીનું પત્રક

પત્રક ૨: જિલ્લા બાળ સુરક્ષા એકમની કચેરીની યાદી

મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના ઠરાવોની નકલ

**સવિનય નકલ રવાના:**

નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ને જાણ સારૂ

**નકલ રવાના**

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, તમામ જિલ્લાને જાણ સારૂ

જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા બાળ સુરક્ષા કચેરી, તમામ જિલ્લાને જાણ સારૂ

Scanned with CamScanner
Scanned with CamScanner

# Details of children Study in Private School

| Name of District | Child Details | | | | School Details | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Name of Child | Name of Surviving Parent / guardian | Address of surviving parent/legal guardian | Contact number of surviving parent/legal guardian | School Name | School Address | School contact number | School email address | School Bank account holder name | School Bank Accountant Number | IFSC Code | School Account Type | Bank Name | Bank Branch | Bank Address |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |

Scanned with CamScanner
Scanned with CamScanner

જિલ્લા બાળ સુરક્ષા એકમના સરનામાની વિગતો :

| ક્રમ | જિલ્લાનું નામ | સરનામુ | ફોન નં/ફેક્સ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, LL ૪૬ ૪૭, હરે કૃષ્ણ કોમ્પલેક્ષ, કોઠાવાલા ફ્લેટ સામે, પ્રિતમનગર, પાલડી, અમદાવા-૩૮૦૦૦૭. | ૦૭૯-૨૬૫૮૭૭૪૦<br>dcpu-gscps-ahm@gujarat.gov.in |
| ૨ | અમરેલી | જિલ્લા બાળ સુરક્ષા એકમ, સેવા સદન, બીજો માળ, એ બ્લોક, બ્લોક નં ૨૦૧, ૨૦૨, ૨૦૫, અમરેલી-૩૬૫૬૦૧. | ૦૨૭૯૨-૨૨૦૩૦૮<br>dcpu-gscps-amr@gujarat.gov.in |
| ૩ | અરવલ્લી | જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સેવા સદન, બહુમાળી ભવન, ભોંયતળીયે, બ્લોક એ રૂમ: A/G/04, મોડાસા, અરવલ્લી.-૩૮૩૩૧૫ | ૦૨૭૭૪-૨૫૦૧૭૪<br>dcpu-gscps-arv@gujarat.gov.in |
| ૪ | આણંદ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, જુની કલેક્ટર કચેરી, ભોંય તળીયે, જિલ્લા પંચાયતની બાજુમાં, અમુલ ડેરી સામે, આણંદ -૩૮૮૦૦૧. | ૦૨૬૯૨- ૨૫૦૯૧૦<br>dcpu-gscps-and@gujarat.gov.in |
| ૫ | બનાસકાંઠા | જિલ્લા બાળ સુરક્ષા એકમ, સેવા સદન -૨, બ્લોક નં.૩૪,૩૫. જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર, બનાસકાંઠા.-૩૮૫૦૦૧ | ૦૨૭૪૨-૨૫૧૮૦૦<br>dcpu-gscps-bk@gujarat.gov.in |
| ૬ | બોટાદ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, A/S/.૨૦, ૨જો માળ, "A" વીંગ, ખસ રોડ, જિલ્લા સેવા સદન, બોટાદ-૩૬૪૭૧૦ | ૦૨૮૪૯-૨૭૧૩૨૨<br>dcpu-bot@gujarat.gov.in |
| ૭ | ભરૂચ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, બ્લોક B ગ્રાઉન્ડ ફ્લોર, જુની કલેક્ટર કચેરી, ભરૂચ-૩૯૨૦૦૧. | ૦૨૬૪૨-૨૫૦૩૧૫<br>dcpu-gscps-bha@gujarat.gov.in |
| ૮ | ભાવનગર | જિલ્લા બાળ સુરક્ષા એકમ, T-૧૬, ૩જો માળ , બહુમાળી ભવન, S. T. બસ સ્ટેશનની બાજુમાં, ભાવનગર - ૩૬૪૦૦૨. | ૦૨૭૮-૨૪૨૨૦૭૨<br>dcpu-gscps-bhv@gujarat.gov.in |
| ૯ | છોટા ઉદેપુર | જિલ્લા બાળ સુરક્ષા એકમ, આદિવાસી ભવન, પહેલો માળ, સિવિલ હોસ્પિટલની સામે, છોટાઉદેપુર, જિ. છોટા ઉદેપુર - ૩૯૧૧૬૫ | ૦૨૬૬૯-૨૩૩૩૮૫<br>dcpu-gscps-chh@gujarat.gov.in |
| ૧૦ | દાહોદ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નં. ૩૧૦, ૩જો માળ, જિલ્લા સેવા સદન, છાપરી, દાહોદ-૩૮૯૧૫૧ | ૦૨૬૭૩-૨૩૯૦૨૦<br>dcpu-gscps-dah@gujarat.gov.in |
| ૧૧ | ડાંગ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, C/O, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ની કચેરી, ક્લબ કમ્પાઉન્ડ કોમ્યુનિટી હોલમાં, પ્રયોશા લોકવિજ્ઞાન કેન્દ્રની બાજુમાં, આશ્રમ રોડ, આહવા, ડાંગ-૩૯૪૭૧૦ | ૦૨૬૩૧-૨૨૦૧૦૬<br>dcpu-gscps-dan@gujarat.gov.in |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | જિલ્લા બાળ સુરક્ષા એકમ, રાજ ગેસ્ટ હાઉસ નીચે, S.T.ડેપો સામે, મુ. જામ ખંભાળિયા, જી. દેવભૂમિ દ્વારકા-૩૬૧૩૦૫ | ૦૨૮૩૩-૨૩૪૪૬૯<br>dcpu-gscps-dev@gujarat.gov.in |
| ૧૩ | ગાંધીનગર | જિલ્લા બાળ સુરક્ષા એકમ, A બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સહયોગ સંકુલ, પથીકાશ્રમની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ | ૦૭૯-૨૩૨૪૫૪૦૦<br>dcpu-gscps-gnr@gujarat.gov.in |
| ૧૪ | ગીર સોમનાથ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, "માતૃ સ્મૃતિ",જૈન દેરાસર રોડ, નવી હવેલી સામે, હરીઓમ સોસાયટી, વેરાવળ, ગીર સોમનાથ – ૩૬૨૨૬૯ | ૦૨૮૭૬-૨૮૫૨૩૨<br>dcpu-gscps-gs@gujarat.gov.in |

Scanned with CamScanner

Scanned with CamScanner

| ક્રમ | જિલ્લાનું નામ | સરનામુ | ફોન નં/ફેક્સ |
|---|---|---|---|
| ૧૫ | જામનગર | જિલ્લા બાળ સુરક્ષા એકમ, સેવા સદન -૪, ઓફીસ નં ૬૧, ૧લો માળ, રાજ પાર્ક, રાજકોટ રોડ, જામનગર – ૩૬૧૦૦૭ | ૦૨૮૮-૨૫૭૧૦૯૮ dcpu-gscps-jam@gujarat.gov.in |
| ૧૬ | જુનાગઢ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, પંકજ બંગ્લોઝ, પી.ડબલ્યુ.ડી. ક્વાર્ટર, ચર્ચની સામે, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કચેરીની બાજુમાં, રેલ્વે સ્ટેશન રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧ | ૦૨૮૫-૨૬૨૦૨૭૬ dcpu-gscps-jun@gujarat.gov.in |
| ૧૭ | ખેડા | જિલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નંર૦, ભોંય તળીયે, C બ્લોક, સરદાર પટેલ ભવન, ખેડા - ૩૮૭૦૦૧ | ૦૨૬૮-૨૫૬૩૦૭૭ dcpu-gscps-khe@gujarat.gov.in |
| ૧૮ | કચ્છ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, ૪૦૨, બહુમાળી ભવન ભુજ, કચ્છ – ૩૭૦૦૦૧ | ૦૨૮૩૨-૨૫૨૬૧૩ dcpu-gscps-kut@gujarat.gov.in |
| ૧૯ | મહેસાણા | જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા આયોજન કચેરીની બાજુમાં, રાજમહેલ કોટા સંકુલ, મેહસાણા - ૩૮૪૦૦૧ | ૦૨૭૬૨-૨૨૦૧૫૨ dcpu-gscps-meh@gujarat.gov.in |
| ૨૦ | મોરબી | જિલ્લા બાળ સુરક્ષા એકમ, નેશનલ હાઈ વે - ૮, શોભેશ્વર રોડ, કુબેર સિનેમા પાસે, કલ્યાણ ગ્રામ વિકાસ વિદ્યાલય કેમ્પસ, મોરબી – ૩૬૩૬૪૨ | ૦૨૮૨૨-૨૪૦૦૯૮ dcpu-gscps-mor@gujarat.gov.in |
| ૨૧ | મહીસાગર | જિલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નં.૨૧૨, બીજો માળ, જિલ્લા સેવા સદન, લુણાવાડા. જિલ્લા: મહીસાગર - ૩૮૯૨૩૦ | ૦૨૬૭૪-૨૫૦૫૩૧ dcpu-gscps-mah@gujarat.gov.in |
| ૨૨ | નર્મદા | જિલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નં. ૬, ભોંય તળીયે, જિલ્લા સેવા સદન, રાજપીપળા, નર્મદા - ૩૯૩૧૪૫. | ૦૨૬૪૦-૨૨૩૫૭૫ dcpu-gscps-nar@gujarat.gov.in |
| ૨૩ | નવસારી | જિલ્લા બાળ સુરક્ષા એકમ, બ્લોક-સી, પહેલો માળ, જિલ્લા સેવા સદન, જુની કલેક્ટર કચેરી, જુનાથાણા, નવસારી - ૩૯૬૪૪૫ | ૦૨૬૩૭-૨૮૧૪૪૦ dcpu-gscps-nav@gujarat.gov.in |
| ૨૪ | પંચમહાલ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સેવા સદન - ૨, ૧લો માળ, રૂમ નં.૫૯, કલેક્ટર ઓફીસ કમ્પાઉન્ડ,ગોધરા, પંચમહાલ – ૩૮૯૦૦૧ | ૦૨૬૭૨-૨૪૩૪૮૦ dcpu-gscps-pan@gujarat.gov.in |
| ૨૫ | પાટણ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સેવા સદન 'એ' બીજો માળ, પાટણ – ૩૮૪૨૬૫ | ૦૨૭૬૬-૨૨૦૬૦૦ dcpu-gscps-pat@gujarat.gov.in |
| ૨૬ | પોરબંદર | જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સેવા સદન નં ૨, સાંદીપની આશ્રમ રોડ, પોરબંદર – ૩૬૦૫૭૫ | ૦૨૮૬-૨૨૨૦૧૦૧ dcpu-gscps-por@gujarat.gov.in |
| ૨૭ | રાજકોટ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, ચોથો માળ, બ્લોક નં. -૫, બહુમાળી ભવન, રેષકોર્સ રિંગરોડ, રાજકોટ - ૩૬૩૦૦૧ | ૦૨૮૧-૨૪૫૮૫૯૦ dcpu-gscps-raj@gujarat.gov.in |
| ૨૮ | સાબરકાઠા | જિલ્લા બાળ સુરક્ષા એકમ, રાજકમલ ચેમ્બર્સ, ૨જો માળ, પેરામાઉન્ટ હોટલ સામે, ન્યાય મંદિર સ્ટેન્ડ, હિંમતનગર, સાબરકાંઠા - ૩૮૩૦૦૧ | ૦૨૭૭૨-૨૪૬૧૨૨ dcpu-gscps-sk@gujarat.gov.in |
| ૨૯ | સુરત | જિલ્લા બાળ સુરક્ષા એકમ, બ્લોક A, ભોંય તળીયે, જિલ્લા સેવા સદન -૨, અઠવા લાઇન્સ, સુરત - ૩૯૫૦૦૧ | ૦૨૬૧-૨૬૫૧૪૭૭ dcpu-gscps-sur@gujarat.gov.in |
| 30 | સુરેન્દ્રનગર | જિલ્લા બાળ સુરક્ષા એકમ, બ્લોક A રૂમ નં.૧૦૪, બહુમાળી ભવન, સુરેન્દ્રનગર – ૩૬૩૦૨૦ | ૦૨૭૫૨-૨૮૫૭૧૨ dcpu-gscps-srn@gujarat.gov.in |

Scanned with CamScanner

Scanned with CamScanner

| ક્રમ | જિલ્લાનું નામ | સરનામુ | ફોન નં/ફેક્સ |
|---|---|---|---|
| ૩૧ | તાપી | જિલ્લા બાળ સુરક્ષા એકમ, બ્લોક નં. ૫, પહેલો માળ, જિલ્લા સેવા સદન, પાનવાડી, તા.વ્યારા, જિ. તાપી - ૩૯૪૬૫૦ | ૦૨૬૨૬-૨૨૨૨૦૩<br>dcpu-gscps-tap@gujarat.gov.in |
| ૩૨ | વડોદરા | જિલ્લા બાળ સુરક્ષા એકમ, નર્મદા ભુવન, C બ્લોક, ૮મો માળ, રૂમ નં. ૮૧૬, ૮૧૭, જેલ રોડ, વડોદરા - ૩૯૦૦૦૧ | ૦૨૬૫-૨૪૨૪૫૦૦<br>dcpu-gscps-vad@gujarat.gov.in |
| ૩૩ | વલસાડ | જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સેવા સદન -૧, ૧લો માળ, ધરપુર રોડ, વલસાડ - ૩૯૬૦૦૧ | ૦૨૬૩૨-૨૪૪૬૬૩<br>dcpu-gscps-val@gujarat.gov.in |

Scanned with CamScanner

Scanned with CamScanner

કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન
માતા/પિતા પૈકી એક વાલીનું અવસાન થયેલ
હોય તેવા બાળકોને સહાય કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૨૧/૨૧૯૭૦૨(પાર્ટ-૨)/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૨૮/૦૭/૨૦૨૧.

વંચાણે લીધો:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૨૧/૨૧૯૭૦૨/છ, તા.૧૧/૦૬/૨૦૨૧.

પ્રસ્તાવના:-

કોરોના મહામારીના આ સમયગાળા દરમિયાન માતા અને પિતા બન્નેનું અવસાન થયેલ હોય તેવા અનાથ બનેલ બાળકોને આર્થિક સહાય અને અન્ય પ્રકારની યોજનાનો લાભ અગ્રતાના ધોરણે આપવા "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના ઠરાવથી અમલમાં મુકેલ છે. હવે કોરોના કાળમાં માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયું હોય તેવા બાળકોને પણ સહાય આપવાનું રાજ્ય સરકારની સક્રીય વિચારણા હેઠળ હતું.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" નો વ્યાપ વધારી સદર યોજનામાં નીચે મુજબની ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧) જે બાળકના માતા કે પિતા બે માંથી કોઇ પણ એક વાલીનુ કોરોના કાળમાં અવસાન થયુ હોય તેવા બાળકને માસિક રૂ.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) તે બાળક ૧૮ વર્ષનું થાય ત્યા સુધી મળવાપાત્ર થશે

૨) કુટુંબના ૧૮ વર્ષથી નીચેની વય સુધીના બધા બાળકને આ લાભ મળવાપાત્ર થશે.

Scanned with CamScanner

Scanned with CamScanner

ડ) માર્ચ-૨૦૨૦ થી પેરેન્ટ ગુમાવેલા બાળક હશે તો આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના ઠરાવમાં સમય અને ઉપરોક્ત ક્રમ (અ) (૧) અને (૨) સિવાયના અન્ય વિભાગોના ઠરાવ હેઠળ પણ આ બાળકોને મળવાપાત્ર થશે

ઢ) આ યોજનાનો લાભ કોઈ પણ જાતની આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય મળવાપાત્ર થશે.

આ સિવાય વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

વિભાગ હેઠળની આ યોજના માટેનો ખર્ચ હાલ પાલક માતા પિતા યોજના હેઠળના સદરે ખર્ચ પાડવાનો રહેશે. ત્યારબાદ "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" નું અલગ હેડ ખોલાવી તે હેડમાં ખર્ચ પાડવાનો રહેશે

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૭/૦૭/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. પી. પટેલ )
નાયબ સચિવ .
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ૧-, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ૧-,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના (સા.ન્યા.) અંગત મદદનીશ, સા ન્યા અને અ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં૧૬., ડોજીવરાજ મહેતા ભવન .. ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સા. ન્યા. અને અધિ. વિભાગ, બ્લોક નં૫.. ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોસેલ-, સા ન્યા અને અ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂં
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૧.

Scanned with CamScanner

Scanned with CamScanner

કોવિડ-૧૯ મહામારીના સમયગાળા
દરમ્યાન અનાથ બનેલ બાળકોને
સહાય કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:જજય/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૧/૦૬/૨૦૨૧

**પ્રસ્તાવના:-**

માર્ચ-૨૦૨૦થી દેશમાં કોવિડ-૧૯ મહામારી ગંભીર રીતે ફેલાયેલ છે. કોરોના મહામારીના આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ઘણા બાળકોના માતા અને પિતા બંનેનુ અવસાન થયેલ છે. માતા-પિતાના અવસાનથી અનાથ બનેલ બાળકોને આર્થિક સહાય અને અન્ય પ્રકારની યોજનાનો લાભ અગ્રતાના ધોરણે આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુરતી વિચારણાના અંતે કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન આવા અનાથ બનેલ બાળકોને સહાય આપવા નીચે મુજબની યોજના અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન, નીચે દર્શાવેલ પાત્રતા મુજબ, અનાથ બનેલ બાળકોના ભરણપોષણ, શિક્ષણ, આરોગ્ય અને સ્વરોજગારી માટે તાલીમ, લોન અને સહાય આપવા 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના' નામની જુદા જુદા વિભાગોને આવરી લેતી નવી યોજના નીચેની શરતોને આધીન અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**પાત્રતા:**

(અ) ૦ થી ૧૮ વર્ષ સુધીની વય જુથના જે બાળકોના માંતા અને પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન થયુ હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મળવાપાત્ર થશે.

(બ) કોરોનાના સમયગાળા અગાઉ જે બાળકના માતા/પિતા બંનેનું અવસાન થયુ હોય તે બાળકના પાલક માતા/પિતા(Adoptive Parents) પણ જો આ કોરોનાના સમયગાળા દરમિયાન

Scanned with CamScanner
Scanned with CamScanner

અવસાન પામેલ હોય તો તેવા કુટુંબી અનાથ બનેલ બાળકોને પણ આ યોજનાનો લાભ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મળવાપાત્ર થશે.

(૩) જે બાળકના એક વાલી (માતા કે પિતા) કોરોનાના સમયગાળા અગાઉ અવસાન પામેલ હોય અને બીજા વાલી (માતા કે પિતા) કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામે તો તેવા કેસમાં પણ નિરાધાર થયેલ બાળકને પણ આ યોજનાનો લાભ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મળવાપાત્ર થશે.

ઉપર જણાવ્યા મુજબ વિભાગવાર મળવાપાત્ર સહાય નીચે મુજબ રહેશે.

(અ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(૧) સહાય પેટે દર માસે બાળક દીઠ રૂ.૪,૦૦૦/- (અંકે રૂપિયા ચાર હજાર પૂરા), બાળક ૧૮ વર્ષ પૂરા કરે ત્યાં સુધી મળવાપાત્ર થશે. બાળક જે માસમાં અનાથ બનેલ હોય તે માસથી આ સહાય મળવાપાત્ર થશે.

(૨) ૧૮ વર્ષ પૂર્ણ કર્યા પછી પણ જે બાળકનો અભ્યાસ ચાલુ હોય તેને રાજ્ય સરકારની આફ્ટર કેર યોજનાનો લાભ આવક મર્યાદાના બાધ સિવાય ૨૧ વર્ષની ઉંમર સુધી મળવાપાત્ર થશે.

(૩) ૨૧ વર્ષ પુર્ણ કર્યા બાદ પણ જે યુવક/યુવતીઓએ માન્ય અભ્યાસ ચાલુ રાખેલ હશે તો તેમને અભ્યાસ પૂર્ણ થાય અથવા ૨૪ વર્ષની ઉંમર પુરી થાય- એ બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી તેમને આફ્ટર કેર યોજના હેઠળ લાભ આપવામાં આવશે.

(૪) ઉક્ત મુદ્દા નં.-(૨) અને (૩) માટે કોઇ પણ પ્રવાહના માન્ય અભ્યાસક્રમના સર્ટીફીકેટ, ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો પાત્ર ગણવામાં આવશે. વધુમાં સરકારમાન્ય ધોરણોથી આપવામાં આવતી કૌશલ્યવર્ધન તાલીમ (Skill Development Training) પણ પાત્ર ગણાશે.

(૫) નિરાધાર થયેલા બાળકોને શિક્ષણ માટે કેન્દ્ર / રાજ્ય સરકાર સંચાલિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય(*ફક્ત કન્યાઓ માટે*), નિવાસી શાળાઓ, સમરસ હોસ્ટેલો / સરકારી હોસ્ટેલોમાં, જે તે વિભાગની નિયમાનુસારની પ્રક્રિયામાં અગ્રતા આપી, પ્રવેશ આપવામાં આવશે.

(૬) આ સમયગાળા દરમિયાન નિરાધાર થયેલ કન્યાઓને તેમના લગ્ન માટે કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ આવક મર્યાદાના બાધ સિવાય મળવા પાત્ર થશે.

(૭) અનુસૂચિત જાતિ(SC), સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ(SEBC), વિચરતી/વિમુક્ત જાતિ(NT/DNT) અને આર્થિક પછાત વર્ગ(EWS)ના બાળકોને સામાજિક ન્યાય અને

Scanned with CamScanner

અધિકારીતા વિભાગ અને અનુસૂચિત જનજાતિ(ST)ના બાળકોને આદિજાતિ વિકાસ વિભાગ માટે નિયત થયેલ શિષ્યવૃતિ જે તે વિભાગના ઠરાવો, પરિપત્રો, નિયમોને આધીન રહીને અગ્રતાના ધોરણે મંજુર કરવામાં આવશે.

(૭) સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ હસ્તકના અને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકના તમામ નિગમોની તમામ યોજનાઓનો લાભ પાત્રતા ધરાવતા બાળકોને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય અગ્રતાના ધોરણે આપવામાં આવશે.

(૮) રાજ્યમાં અભ્યાસ માટેની શૈક્ષણીક લોન તેમજ વિદેશ અભ્યાસની લોન આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય જે તે વિભાગ દ્વારા અગ્રતાના ધોરણે આપવામાં આવશે.

શિક્ષણ વિભાગ

(૧) અનાથ બાળકોને ઉચ્ચશિક્ષણ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)નો લાભ આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય અગ્રતાના ધોરણે આપવામાં આવશે.

(ક) શ્રમ અને રોજગાર વિભાગ

(૧) ૧૪ વર્ષથી ઉપરના બાળકોને વોકેશનલ તાલીમ અને ૧૮ વર્ષથી ઉપરના બાળકોને સ્કીલ ડેવલપમેન્ટ તાલીમ અગ્રતાના ધોરણે આપવામાં આવશે.

(ડ) અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

(૧) અનાથ બાળકોના પાલક વાલીઓને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ અગ્રતાના ધોરણે લાભ આપવામાં આવશે.

(ઈ) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

(૧) અનાથ બાળકોને મુખ્યમંત્રી અમૃતમ(MA) કાર્ડ યોજનાનો લાભ આવક મર્યાદાના બાધ સિવાય અગ્રતાના ધોરણે આપવામાં આવશે.

યોજનાની સામાન્ય શરતો:-

(૧) "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" ના અમલીકરણ માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે નોડલ વિભાગ તરીકે કાર્યવાહી કરવાની રહેશે.

(૨) માર્ચ-૨૦૨૦થી કોરોના મહામારીના અંત સુધી આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે

(૩) જે અનાથ બાળકનું કુટુંબ ગુજરાતનું મુળ વતની હોય અથવા ગુજરાતમાં છેલ્લા દસ વર્ષથી કાયમી વસવાટ કરતુ હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) ૧૦ વર્ષથી મોટી ઉંમરના બાળકના કેસમાં, બાળકના નામનું અલગ બેંક ખાતુ ખોલાવીને તે ખાતામાં જ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાંસફર(DBT)થી માસિક સહાયની રકમ જમા કરવામાં આવશે

Scanned with CamScanner

જ્યારે ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકના કેસમાં, અનાથ બાળકના ઉછેરની જવાબદારી જે વ્યક્તિએ ઉપાડી હોય તે વ્યક્તિના પોતાના એકલાના નામે જ બેંક ખાતુ (Bank A/C in Single name) ખોલવીને તે ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાંસફર(DBT)થી માસિક સહાયની રકમ જમા કરવામાં આવશે. ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરનુ બાળક જ્યારે ૧૦ વર્ષથી વધુ ઉંમરનું થાય ત્યારે તે બાળકના નામનું અલગ બેંક ખાતુ ખોલાવીને તે ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાંસફર(DBT)થી જમા કરવામાં આવશે.

(૫) જો આ યોજના હેઠળ સહાય મેળવતું બાળક શાળાએ જવાની ઉંમર ધરાવતુ હોય તો જ્યાં સુધી તેનું શાળાકીય શિક્ષણ ચાલુ હશે ત્યાં સુધી જ સહાય મળવાપાત્ર રહેશે.

(૬) સબંધિત જિલ્લાની Sponsorship & Foster Care Approval Committee (SFCAC)એ અરજી મળ્યા તારીખથી સાત દિવસથી અંદર અરજી મંજુર/નામંજુર કરવાનો નિર્ણય લેવાનો રહેશે.

(૭) આ યોજનાનો લાભ લેવા માટે નિયત કરેલ અરજી પત્રકમાં જિલ્લા બાળ સુરક્ષા એકમને નિયત કરેલ દસ્તાવેજો સાથે ઓનલાઇન અથવા ઓફલાઇન અરજી કરવાની રહેશે

(૮) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગું પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોને આધીન રહીને કરવાનો રહેશે

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની જે તે યોજના માટેનો ખર્ચ જે તે બજેટ સદરેથી કરવાનો રહેશે જ્યારે અન્ય વિભાગો હેઠળની યોજના માટેનો ખર્ચ જે તે વિભાગના લાગુ પડતા બજેટ સદરેથી કરવાનો રહેશે

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૧-૦૬-૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)

નાયબ સચિવ(સ.સુ.)

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, માન.રાજ્યપાલશ્રીનું કાર્યાલય, રાજ ભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સા.ન્યા. અને અ. વિભાગ

Scanned with CamScanner

Scanned with CamScanner